# આવતીકાલે શિવરંજની દ્વારા વિશ્વ સંગીત દિન ઉજવાશે




ગાંધીનગર તા. ૧૯

ગાંધીનગરમાં આવેલ તમામ સર્કલોને વિવિધ નામાભિધાનથી નવાજવામાં આવ્યા છે. તેમાં ગ-૧ના સર્કલને સંગીત સર્કલ તરીકે નામાભિધાન મળ્યું છે.

૨૧ જૂનને વિશ્વ સંગીત દિવસ તરીકે સમગ્ર વિશ્વમાં ઉજવવામાં આવે છે. શિવરંજની દ્વારા આ વિશ્વ સંગીત દિવસને સંગીત સર્કલ સાથે જોડીને ગત વર્ષ ૨૧મી જૂન ૨૦૧૧ને વિશ્વ સંગીત દિવસના રોજ એક કાર્યક્રમ આ સંગીત સર્કલ ખાતે કરવામાં આવેલ તેજ રીતે આ વર્ષે પણ ૨૧ જૂને સંગીત દિન નિમિત્તે સવારે ૭.૪૫ કલાકે સંગીત સર્કલ ખાતે સંગીતના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આ પ્રસંગે ગાંધીનગરના જાણીતા સંગીતજ્ઞશ્રી પિનાકીન વ્યાસ અને તેમના સાથીદારો આ દિવસેને અનુરૂપ સંગીત રજૂ કરશે.

તેમજ સંગીતને આનુષાંગિક સરસ્વતી પૂજન વગેરે પણ કરવાનું આયોજન છે. તો આ પ્રસંગે સંગીત પ્રેમીએ ઉપસ્થિત રહેવા જણાવેલ છે.

સંગીત ચાહકો માટે આનંદની વાત એ પણ છે કે આ સંગીત સર્કલ (ગ-૧સર્કલ)ને વિકસાવવા માટે શિવરંજની સંસ્થાએ દત્તક આપવાં સરકારમાં રજૂઆત કરેલ છે. વાગ્મિન બુચ પ્રમુખ શિવરંજની ગાંધીનગરે જણાવેલ છે.

# લદાખ અને લેહ ખાતે સ્વામી વિવેકાનંદની જીવનગાથા વિષે યોજાશે સાંસ્કૃતિક કાર્યક્રમ

ગાંધીનગર તા. ૧૯

સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતિ-યુવાવર્ષ ઉજવણીના ભાગરૂપે ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ લી.ના ઉપક્રમે તા. ૧૭ થી ૨૯મી જૂન,૨૦૧૨ દરમિયાન લડાખ અને લેહ ખાતે સિંધુ દર્શન કાર્યક્રમ તથા સ્વામી વિવેકાનંદની જીવનગાથા વિષે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે.

આ કાર્યક્રમમાં ભારતીય સિંધુ સભા-હિમાલયા પરિવાર અને અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગક તરફથી ૧૨ જેટલાં યુવા વિદ્યાર્થી ભાઈ-બહેનો ભાગ લેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતિના ઉપલક્ષ્યમાં રાજય સરકારે વિવેકાનંદ યુથ કલ્ચરલ કાર્યક્રમ માટે રૂા.૧.૮૦ લાખની આર્થિક સહાય આ નિગમને કરી છે. સાંસ્કૃતિક કાર્યક્રમમાં ગુજરાત ગૌરવ અને રાષ્ટ્રપ્રેમ જેવા વિષયોને પણ સમાવિષ્ટ કરાયા છે તેમ નિગમના નિયામકશ્રી ડૉ.પુરૂષોત્તમ હરવાણીએ જણાવ્યું છે

### ગ્રીન નેનો ટેકનોલોજી અંતર્ગત

# ગુજ. યુનિ. એનસીઆઇ વચ્ચે મહત્વના એમઓયુ

*અમદાવાદ, તા.૧૯*

*ગુજરાત યુનિવર્સિટી અને કન્ફીડેરેશન ઈન્ડીયન ઈન્ડસ્ટ્રીઝ (સીઆઈઆઈ) વચ્ચે આજે ગ્રીન નેનો ટેકનોલોજી અંતર્ગત એમઓયુ સાઈન કરવામાં આવ્યા હતા. સમગ્ર પ્રોજેક્ટનો ખર્ચ હાલના તબક્કે ૧૭ કરોડ છે જેમાં સીઆઈઆઈના ૧૦ કરોડ અને રાજ્ય સરકારના ૭ કરોડ છે. ગુજ. યુનિ.ના ડિફેન્સ ભવન ખાતે હવે ગ્રીન નેનો ટેકનોલોજી ભવન ચાલશે. આજે મળેલી ગુજરાત યુનિવર્સિટી ખાતે કુલપતિ ડૉ. પરિમલ ત્રિવેદી અને સીઆઈઆઈ એડવાઈઝર ડૉ. અહેમદ, હેડ દેવરંજન મુખરજી અને ડાયરેક્ટર મોયુનદીન સહિત અન્ય પદાધિકારીઓની ઉપસ્થિતીમાં એમઓયુ કરવામાં આવ્યા હતા. એમઓયુ કર્યા બદા ગુજ.યુનિ. કુલપતિ ડૉ. પરિમલ ત્રિવદેદીએ જણાવ્યું હતું કે ગ્રીન નેનો ટેકનોલોજી રિસર્ચ સેન્ટર સમગ્ર ભારતમાં ગુજ. યુનિ.માં શરૂ થઈ રહ્યું છે. જે ગર્વની બાબત છે. આ સેન્ટરની સ્થાપનાથી શૈક્ષણિક અને ઔદ્યોગિક દિશામાં સામુહિક કાર્ય થશે. નવા સાહસોને દિશા અપાવશે. સામાન્ય રીતે ભારતમાં આયાત કરેલી નેનો ટેકનોલોજી છે. જ્યારે ગુજ. યુનિ. આ સેન્ટરથી ક્લીન અને ગ્રીન નેનો ટેકનોજી પર પોતાનું ધ્યાન કેન્દ્રીત કર્યું છે. આ એમઓયુથી ગુજ. યુનિ.ના વિદ્યાર્થીઓ હેલ્થ, ફુડ, એગ્રીકલ્ચર, અને સોલાર સાયન્સ જેવા વિષયોમાં રિસર્ચ કરશે. જો કે રિસર્ચ માટે આવનાર વિદ્યાર્થીઓની એન્ટ્રસ ટેસ્ટ લીધા બાદ જ પ્રવેશ અપાશે.*

**યુથ કેમ્પસ**

- ધ્વનિલ પારેખ

# નવું વર્ષ, નવી ફી પણ કકળાટ એ જ જૂનો...



આમ તો કોલેજો અને સ્કુલો લાંબા વેકેશન પછી ફરી પાટે ચડી ગઈ છે એટલે કે શરૂ થઈ ગઈ છે. નવું વર્ષ, નવું સત્ર શરૂ થાય એટલે વાલીઓને આંખે અંધારા આવવાના શરૂ થઈ જાય છે. નવું વર્ષ શરૂ થાય એટલે નવી ફી ભરવી પડે. ( આ નવી ફી એટલે એમાં ગત વર્ષ કરતાં તોતિંગ વધારો જોવા મળે !) ગ્રાન્ટેડ શાળા કે કોલેજમાં આ પ્રશ્ન બહુ આવતો નથી. એમનું ફીનું માળખું નિયત હોય છે. (નિયત માળખાવાળી શાળાઓ પણ એનકેન પ્રકારે બીજી રીતે ફી ઊઘરાવવામાંથી ચૂકતા નથી.) પણ સેલ્ફ ફાયનાન્સ કોલેજો કે ફાઈવ સ્ટાર શાળાઓ ઉઘાડી લૂંટ ચલાવતાં હોય છે અને લૂંટાવા માટે વાલીઓ તૈયાર પણ હોય છે. ટૂંકમાં નવું સત્ર, નવી ફી પણ કકળાટ એ જ જૂનો હોય છે.

મોંઘવારી બધા જ ક્ષેત્રોમાં લાગુ પડતી હોય છે એમાં શિક્ષણનું ક્ષેત્ર એમાંથી બાકાત નથી. પાઠય પુસ્તકોથી માંડીને નોટબુક, દફતર, વોટરબેગ બધું જ મોંઘું થતું હોય છે. કોલેજના વિદ્યાર્થીઓ માટે મુદ્દે નિરાંત હોય છે. (આજનો કયો વિદ્યાર્થી પાઠ્ય પુસ્તક વસાવતો હોય છે. એ તો ગાઈડ માતા કી જય! )પણ શાળામાં અભ્યાસ કરનારા વિદ્યાર્થી અને એમના વાલીઓ માટે આ ખર્ચા પણ મોટા હોય છે, એમાં શાળા ફી આપણે હંમેશા બેવકૂફ બનતા આવ્યા છે કે નહીં ?) એટલે, એ લોકો થોડી ફી માં રાહત આપીને વાલીઓને રાજી કરી લેતાં હોય છે. વાલીઓ પણ મજબૂરીના માર્યા ચલો, થોડી તો ફી ઓછી થઈ. એવું આશ્વાસન મેળવીને પોતાના કામ-ધંધે ચડી જતાં હોય છે.

આજે શિક્ષણનું મહત્વ સહુ સમજે છે. પોતાનાં સંતાનો સારી રીતે શિક્ષણ પ્રાપ્ત કરે એ પ્રત્યેક વાલીઓની મહેચ્છા હોય છે. એટલે, એ એક બે દિવસ કકળાટ-આંદોલન કરીને પાછા કામધંધે લાગી જતો હોય છે. કારણ કે રોજનું રોજ આંદોલન કરવું આ મોંઘવારીના જમાનામાં એને પોષાય એમ નથી. માનો કે વાલી ઉગ્ર આંદોલન કરે, શાળાને ચીમકી આપે, જિલ્લા શિક્ષણાધિકારી સુધી ફરિયાદ પહોંચાડે- સળવારે થવાનું છે શું ! શાળા સંચાલકો જો બહુ પહોંચેલી માયા હોય અને ફી વધારાની મગરૂરીમાં હોય તો એ આવા વાલીઓને ગાંઠતાં નથી.



વધારો જાહેર કરે ત્યારે બેવડો માર પડતો હોય છે. મોંઘવારીની સામે જરૂર પ્રમાણે ફી વધારો થાય તો એ સમજી શકાય છે પણ આડેધડ-વાલીઓને વિશ્વાસમાં લીધા વગર ફી વધારો જાહેર કરવામાં આવે છે. ત્યારે કકળાટ વધી પડે છે અને વાત આંદોલન સુધી પહોંચી જાય છે. શાળા સંચાલકો પણ આ બાબતે હોશિયાર હોય છે. એમને ખબર હોય છે કે ફી વધારો જાહેર કરીશું એટલે કકળાટ થવાનો છે. (સરકારની પેટ્રોલના ભાવ વધારાની નીતી આ શાળા સંચાલકો પણ અખત્યાર કરતો હોય છે. પાંચ રૂપિયા વધારીને બે રૂપિયા ઓછા કરવાની નીતિથી (ક્યારેક તો જિલ્લા શિક્ષણા-ધિકારીને પણ ક્યાં ગાંઠે છે.) એવા ઉગ્ર આંદોલન કરનાર વાલીના સંતાને પછી ભોગવવું પડે છે. શાળા સંચાલકો એ વિદ્યાર્થીને દાઢમાં રાખે છે અને એની કારકિર્દી સાથે ચેડા કરે છે. આવો કંઈક માહોલ હોય છે. શાળા- કોલેજ જ્યારે પ્રારંભ થાય છે ત્યારે. ટૂંકમાં, કકળાટથી પ્રારંભ થાય છે એ કલરવ સુધી તો કંઈ રાતે પહોંચે ? હા, પ્રયત્ન એ દિશામાંનો સહુનો હોવો જોઈએ કે એ કલરવ સુધી પહોંચે. ૨૦૧૨-૧૩નું શિક્ષણ વર્ષ આવા કલરવ સુધી પહોંચે એવી કમસેકમ આશા તો રાખીએ !

# જમ્પ રોપ રેફ્રી સેમિનાર ૨૪મીએ પ્રેરણા વિદ્યાલય ખાતે યોજાશે

ગાંધીનગર તા. ૧૯

ગાંધીનગર જિલ્લા જમ્પ રોપ ઓસોશિએશનના પ્રમુખ ભરતજી ઠાકોર જણાવેલ છે કે ગાંધીનગર જિલ્લા જમ્પ રોપ એસોશિએશન દ્વારા શ્રી અમર સ્પોર્ટસ અને ગુજરાત સ્પોર્ટસ એકેડેમીના સહયોગથી જિલ્લા કક્ષાનો જમ્પ રોપ (દોરડા કૂદ) સેમિનારનું આયોજન તા. ૨૪ જૂનના રોજ સવારે સેકટર-૫/એ માં પ્રેરણા વિદ્યાલયમાં આયોજન કરવામાં આવેલ છે.

જમ્પ રોપ( દોરડા કૂદ) રમતમાં રસ ધરાવતા રેફ્રી તરીકેની તાલીમ મેળવવા માંગતા વ્યાયામ શિક્ષકો રમતવીરો તથા જમ્પ રોપ રમતમાં રસધરાવતાં યુવાનોએ તા. ૨૨ જૂને મો.નં. ૯૫૭૪૭ ૨૯૦૯ તથા ભરતજી ઠાકોર મો. ૯૯૭૯૦ ૫૫૬૬૦ નો સંપર્ક કરી રજિસ્ટ્રેશન કરી લેવું ત્યાર બાદ રજિસ્ટ્રેશન થશે નહિ, તેમ જણાવેલ છે.

## ડિપ્લોમા એન્જિમાં ૨૨, ૨૩ જૂને નોંધણી કરાશે

અમદાવાદ, તા.૧૯

એડમીશન કમિટિ ફોર પ્રોફેશનલ ડિપ્લોમા કોર્સી સમિતિ દ્વારા પુસ્તીકા અને પીન નંબર લઈ ગયા હોય પરંતુ રજિસ્ટ્રેશન ન કરાયુ હોયતેવા અનામત અને બિન અનામત વિદ્યાર્થીઓ માટેતા.૨૨ અને ૨૩મી જુનના રોજ રજિસ્ટર કરાવી શકશે. સમિતિએ રજિસ્ટ્રેશન કરાવ્યા વગરના રહી ગયેલા વિદ્યાર્થીઓ માટે અલાયદા બે દિવસ ફાળવ્યા છે જો કે આ દિવસનેકારણે પ્રવેશ પ્રક્રિયાના કાર્યક્રમામાં ખાસ કોઈ ફેરફાર કરાયો નથી. ફક્ત હવે પ્રોવીઝન મેરીટ યાદી તા.૨૨મી જુનનાબદલે તા.૨૭મી જુનના રોજ જાહેર કરાશે તા.૨૫મી જુનના બદલે તા.૨૭મી જુનથી તા. ૨જી જુલાઈ દરમિયાન યોજાશે.

# શિક્ષણના પ્રથમ પગથિયા પર સુખભર્યા સ્મિત સાથે ડગ માંડતાં બાળકો પ્રાથમિક શિક્ષણ સંસ્કારોથી સુવાસિત

ગાંધીનગર તા. ૧૯

રાજ્યમાં ૬ થી ૧૪ વર્ષની વયના તમામ બાળકો શાળામાં પ્રવેશ મેળવે, નિયમિત શાળાએ જાય અને અભ્યાસમાં ટકી રહે તેવા ''શાળા પ્રવેશોત્સવ'' કાર્યક્રમના કારણે પ્રાથમિક શિક્ષણમાં ઘણો સુધારો જોવા મળેલ છે. તા. ૧૪-૧૫-૧૬, જૂન-૨૦૧૨ દરમિયાન યોજાયેલાં ''શાળા પ્રવેશોત્સવ'' ઉત્સવથી જીવનમાં શિક્ષણનું મહત્વ જનસામાન્ય સમાજે પણ સ્વીકાર્યુ છે તેની પ્રતીતી થઈ.

દહેગામ તાલુકાનું ગામ હાથીજણ. બાજુનું મોટા ગામ બહિયલના સૂબા સામંતસિંહનું હાથીખાનું. આઠસો-નવસો પૂર્વે આ ગામમાં હતું. તેથી ગામનું નામ પડ્યું હાથીજણ. ૧૨૦૦ની આસપાસની વસ્તી ધરાવતાં હાથીજણ ગામમાં ૧૨૭ વરસ જૂની પ્રાથમિક શાળા છે. ગાયકવાડ સરકાર વખતથી શિક્ષણની સુવિધા હતી. પણ શિક્ષણ પ્રત્યે પ્રેરિત કરે તેવો કાર્યક્રમનો છેલ્લા દશ વરસથી જ થવા લાગ્યો. આ વરસે તો આટલી જૂની શાળાના ઈતિહાસમાં પ્રથમવાર શિક્ષણ મંત્રી આવ્યા અને તે પણ શાળામાં બાળકોનું નામાંકન કરાવવા.

ઉત્સવ અને ઉલ્લાસના વાતાવરણમાં ૧૩ જેટલાં ભૂલકાંઓને ધોરણ-૧માં નામાંકન કરાવ્યું. શાળામાં બાળક ટકી રહે તે માટે શિક્ષકો-વાલીઓ સંકલ્પબદ્ધ થયા. ગામના જ યુવાન તખતસિંહ તખતસિંહ ચૌહાણ કૃષિકાર શાળાથી ત્રણેક કિ.મી. દૂર રહે છે. તેમની દીકરી સરિતા ધોરણ-૮માં અભ્યાસ કરે છે તેને 'સરસ્વતી સાધના યોજના' અંતર્ગત સાયકલ મળી. તખતસિંહે કહ્યું, મારા બાઈક પર અથવા જે સાધન મળે તેમાં દીકરીને નિશાળે મોકલતો. હવે સાયકલની સુવિધા મળતા મને પણ દીકરીને શાળાએ મોકલવાની ચિંતા નથી. સરિતાને સમયસર શાળાએ પહોંચાશે કે નહિ તેવી ચિંતા હવે રહી નથી. સાયકલ સાથે પિતા-પુત્રીએ તસવીર લેવડાવી ત્યારે તેના સુખભર્યા સ્મિત તરફ સૌ નિહાળી રહ્યા હતા.

સમરસ ગ્રામ અને સ્વર્ણિમ ગુજરાત વર્ષમાં તાલુકામાં પ્રથમ ક્રમાંકે આવેલાં હાથીજણ ગામમાં બાળકોની શાળા પ્રવેશની ઉત્સુકતાને મંત્રી શ્રી જયસિંહ ચૌહાણે સંતોષી. ''પાણી બચાવો''ના થીમ પર બાળકલાકારોએ મૂકઅભિનય કરીને પાણીનું જીવનમાં મહત્વ સમજાવ્યું. શિક્ષકો-વાલીઓ અને સરપંચ જયેન્દ્રસિંહજી, અગ્રણી અમરતભાઈ પટેલે વિગેરેએ બાળકોનું શાળામાં ઉત્સાહભેર સ્વાગત કર્યું.

ગાંધીનગર જિલ્લાનું ગામ જાખોરા. અહીં પણ ''કન્યા કેળવણીયાત્રા'' અને ''શાળા પ્રવેશોત્સવ''ને અભૂતપૂર્વ આવકાર અને સફળતા પ્રાપ્ત થઈ. ૧૩ કન્યાઓ અને ૧૪ કુમારો મળીને ૨૭ બાળકોને નામાંકન કરાવ્યું. ૧૫ કન્યાઓ અને ૧૪ કુમારો મળીને ૨૯ ભૂલકાંઓએ આંગણવાડીમાં પ્રવેશ લીધો. આજ શાળામાં ભણેલા અને ગાંધીનગર જિલ્લાના સહકારી ક્ષેત્રના અગ્રણી કોદરભાઈ પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા. તેમણે કહ્યું, ''દરેક વ્યક્તિના જીવન વિકાસનું પ્રથમ પગથિયું છે શિક્ષણ.'' શિક્ષણના પ્રથમ પગથિયાં ઉપર પગલાં માંડવા થનગની રહેલાં તથા જેમના માટે આ રૂડો અવસર યોજાઈ રહ્યો છે તેવા પ્રવેશ ઉત્સુક બાળકોને ગ્રામજનોએ કુમકુમ તિલક કરી, દફતર કીટ-ચોકલેટ આપી શાળા પ્રવેશ કરાવ્યો. આઈ.એફ.એસ. અને વન વિભાગના ઉચ્ચ અધિકારીશ્રી પ્રદીપ ખન્ના, નાયબ સરપંચ શ્રી મેહુલભાઈ પટેલ, આચાર્ય, ભગવતતીબેન પટેલ, માજી આચાર્ય નટુભાઈ પટેલ સહિતના સહુ કોઈએ બાળકોને અહેસાસ કરાવ્યો કે શાળા એક આનંદજનક સ્થળ છે. ઉત્સવના વાતાવરણમાં આપણે ભણવાનું છે. જાખોરા પ્રાથમિક શાળાની વિશેષ વાત અહીં પ્રજ્ઞા કાર્યક્રમનો અમલ થાય છે. બાળક પોતાની ગતિ મુજબ અને પોતાની ક્ષમતા મુજબ શીખી શકે તેવો આ નવતર પ્રયોગના પ્રોત્સાહક પરિણામો મળ્યા છે. શાળામાં નાવીન્યપૂર્ણ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે. શિક્ષકોનું જ્ઞાનાત્મક, સામાજિક, ભૌતિક અને સંસ્થાકીય પરિમાણ, સ્વમૂલ્યાંકનથી થાય અને બાળકોની શૈક્ષણિક ઉપલબ્ધિની પ્રોફાઈલ નિભાવવામાં આવે છે. વાંચન-ગણન અને લેખનના કૌશલ્યના વિકાસ માટે પ્રવૃત્તિઓ થાય છે.

બાળકોને સ્કુલ બેગ, પાટીપેન, પાઠ્યપુસ્તકો, નોટબુકો, પેન્સીલ, યુનિફોર્મ ભેટ સ્વરૂપે આપવામાં આવ્યા. આંગણવાડીના ભૂલકાંઓને સૂક્ષ્મ પોષકતત્વો યુક્ત બાલભોગના પેકેટસ અપાયા. અહીં પણ ''શાળા પ્રવેશોત્સવ''નો નાદ સમગ્ર ગામમાં ગૂંજતો રહ્યો.

# કલા એ ફક્ત આનંદ-પ્રમોદનો વિષય નથી

॥ ભારતીય કલા - ૨ ॥

ભારતીય સંસ્કૃતિમાં આતિથ્ય સત્કાર, ધર્મ ભાવના, સમભાવ, સંસ્કારોનું સિંચન, આદર-સત્કાર, સંવેદના, લાગણી વગેરે સંસ્કારો દરેક ભારતીયમાં સામાન્ય રૂપથી જોવા મળે છે. સાથે-સાથે કલાનો આદર આપવો તથા તેનો સન્માનની ભાવનાથી જોવાની દૃષ્ટિ ભારતવર્ષમાં પ્રાચીનકાળથી જોવા મળે છે.

ભારતના વિભિન્ન પ્રદેશોમાં ત્યાંની રાજનૈતિક, સ્થાનીય અને પ્રદેશવર્તી સંસ્કૃતિની છાપ જે તે પ્રદેશની કલામાં સ્પષ્ટ રૂપે જોવા મળે છે. આ એક આગવી વિશિષ્ટતા આપણી પાસે છે. દુનિયાના કોઈ દેશ પાસે આપણા જેટલી વિભિન્ન કલા-કારીગરી નથી. આપણા દરેક પ્રદેશ પાસે આગવી પ્રાદેશિક કલાનો ખજાનો છે. તેથી જ પંજાબ યાદ આવતાં ભાંગડા નૃત્ય, રાજસ્થનનાં લોકગીતો, ઘુમર નૃત્ય, ગુજરાતના ગરબા-રાસ, આસામનું બીહુ નૃત્ય, મહારાષ્ટ્રનું લાવણી નૃત્ય વગેરેનો અહેસાસ થવા લાગે છે. આ જ રીતે જે તે પ્રદેશમાં સાહિત્ય, લોકગીતો, લોકનાટ્યો, ચિત્રકલા, શિલ્પકલા વગેરે પ્રદેશવર્તી છાપ સાથે જોવા મળે છે. આ કલાઓમાં જે તે પ્રદેશની સંસ્કૃતિનાં દર્શન થાય છે. અને ભારતમાં દરેક સામાજિક કાર્ય સાથે કલા એક સંસ્કારના રૂપમાં જોડાયેલી છે. વળી, કલા એ ફક્ત આનંદ-પ્રમોદનો વિષય નથી. કારણ કે કહેવાય છે કે પ્રાચીન ભારતમાં કોઈપણ પુરુષને રાજ્ય સભા અને સહૃદય ગોષ્ઠિઓમાં પ્રવેશ મેળવવો હોય તો કલાનું જ્ઞાન આવશ્યક હતું. એના માટે સભાગૃહમાં પોતાનો અધિકાર સિદ્ધ કરવો પડતો હતો. ત્યારબાદ જ ગોષ્ઠિમાં સ્થાન પ્રાપ્ત થતું હતું. કલા મર્મજ્ઞ થવા માટે અમુક કલાઓનો અભ્યાસ કરવામાં આવતો હતો. કેવળ શારીરિક અનુરંજન જ કલાનો વિષય ન હતો. પણ માનસિક અને બૌદ્ધિક વિકાસને પણ લક્ષમાં રાખવામાં આવતો હતો.



માનવજાતના ઘડતરમાં ઉપયોગી વિવિધ કલાઓની સૂચિ શુક્રનીતિસાર વાત્સ્યાયન મુનિકૃત 'કામસૂત્ર'માં દર્શાવી છે. અહીં કલાના ચોસઠ પ્રકારો દર્શાવ્યા છે. જે ભારતના બધા જ ગ્રંથોમાં કલાના જે પ્રકારો દર્શાવાયા છે તેમાં સૌથી શ્રેષ્ઠ છે. બૌદ્ધ ગ્રંથોમાં કલાના ચોર્યાસી પ્રકાર બતાવ્યા છે. જૈન ગ્રંથોમાં કલાના બોંતેર પ્રકારોનો ઉલ્લેખ છે. વેદો તથા ઉપનિષદોમાં ચોસઠ પ્રકારની કલાનો ઉલ્લેખ છે. એવું જણાય છે કે પ્રાચીન

**સંગીત દર્શન**

**- ડો. ગૌરાંગ ભાવસાર**

સમયમાં તમામ પ્રકારની સુકુમાર અને બુદ્ધિમૂલક ક્રિયાઓને કલા કહેતા હતા. તેથી કદાચ કલાની સંખ્યા મર્યાદિત નહિ હોય. શાસ્ત્રોમાં જે ચોસઠ કલાનું વર્ણન કર્યું છે તે આ પ્રમાણે છે :

૧. ગીત, ૨. વાદ્ય, ૩. નૃત્ય, ૪. નાટ્ય, ૫. આલેખ્ય (ચિતરવું), ૬. વિશેષ કરબેધ (તિલકનો સંચો બનાવવો), ૭. તંદુલકુસુમાવિલા વિકાર (ફૂલો તથા ચોખાનો ચોક પૂરવો), ૮. પુષ્પાસ્તરણ (ફૂલોની સેજ બનાવવી), ૯. દશનવસનાંગરણ (દાંત અને અંગોને રંગવાની વિધિ જાણવી), ૧૦. મણિભૂમિકાકર્મ (ઋતુને અનુકૂળ ઘર ચણવું), ૧૧. શયન રચના (પલંગ બિછાવવો), ૧૨. ઉદ્યકવાદ્ય (જલતરંગ બજાવવું), ૧૩. ઉદકઘાત (ગુલાબદાની વાપરવાની વિદ્યા), ૧૪. ચિત્રયોગ (અવસ્થા પરિવર્તન એટલે કે યુવાનને વૃધ્ધ અને વૃધ્ધને યુવાન બનાવવો), ૧૫. માલ્યગ્રંથન (માળા બનાવવી), ૧૬. કેશ શેખશપીડ યોજના (માથાના વાળમાં ફૂલ ગૂંથવું), ૧૭. નેપથ્યયોગ (દેશકાળ અનુસાર વસ્ત્ર, આભૂષણ વગેરે પહેરવાં), ૧૮. કર્ણયત્ર ભંગ (કાનમાં પહેરવાનાં આભૂષણ બનાવવા), ૧૯. ગંધયુક્તિ (સુગંધી પદાર્થ), ૨૦. ઈન્દ્રજાલ (જાદુગરીનો પ્રયોગ), ૨૧. કોચસારયોગ (કદરૂપાને સુંદર બનાવવો), ૨૨. ભૂષકા યોજના (ઘરેણાં પહેરાવવાની પદ્ધતિ), ૨૩. હસ્ત લાઘવ (હાથની ચાલાકી), ૨૪. ચિત્રશાક્યભશ્ય વિકાર ક્રિયા (અનેક જાતનતા શાક તથા માલપુવા બનાવવા), ૨૫. પાનકરસરાગા (સર્વ વ્યંજન બનાવવા), ૨૬. સુચિકર્મ (સિવવું), ૨૭. સૂત્ર કર્મ (સિવણ કામ), ૨૮. પ્રહેલિકા (બીજાને બોલતા બંધ કરવા ગૂંચવણ ભરેલાં પ્રશ્નો કરવા), ૨૯. પ્રતિમાલા (અંતાક્ષરી કહેવી), ૩૦. દુર્વાચકયોગ (કઠિન પદો અને શબ્દોના અર્થ કાઢવા), ૩૧. પુસ્તક વાચન (સ્પષ્ટ રીતે વાચન), ૩૨. કાવ્ય સમસ્યા પૂર્તિ (કાવ્યની પાદપૂર્તિ), ૩૩. પટ્ટિકાવેગણ વિકલ્પ (દોરી કે નેતર, કેન ભરવું), ૩૪. નાટિકા ખ્યાતિક દર્શન (નાટક જોવું ને બનાવવું), ૩૫. તક્ષણ (સુથાર તથા કડિયાનું કામ), ૩૬. તક્ષક મોશિ (સોના-ચાંદીનાં રત્નોની પરીક્ષા), ૩૭. વાસ્તુવિદ્યા (ઘર બનાવવું), ૩૮. રૂપયરત્ન પરીક્ષા (રત્નોને ઓળખવા), ૩૯. ધાતુવાદ (કાચી ધાતુ સાફ કરવી), ૪૦. મણિરાગજ્ઞાન (રત્નોનાં રંગ જાણવા), ૪૧. આકારજ્ઞાન (ખાણની વિદ્યા), ૪૨. વૃક્ષોયુર્વેદયોગ (વૃક્ષનું જ્ઞાન, ચિકિત્સા તથા રોપવાની વિધિ), ૪૩. મેષ કુક્કુટ લાવક્યુ વિધિ (મરઘાં, કૂકડા, લાવક વગેરેને લડાવવાની પ્રક્રિયા), ૪૪. શરસારિકા આલાપન (પોપટ, મેના પઢાવવાં), ૪૫. ઉત્સાહન (શરીર ચોળવું), ૪૬. અક્ષર મુષ્ટિકા કથન (કરપલ્લવી), ૪૭. કેશ માર્જન (વાળ ઓળવા, તેલ નાખવું), ૪૮. કલેચ્છિત કલા વિકલ્પ (વિદેશી ભાષા જાણવી), ૫૦. પુષ્પ શકર્યિનમિત્ત જ્ઞાન (વાદળ ગાજવા વિ. દૈવી લક્ષણોની આગાહી કરવી), ૫૧. યંત્ર માતૃકા (યંત્ર નિર્માણ), ૫૨. ધારણ માતૃકા (સ્મરણ શક્તિ વધારવી),



૫૩. પાઢ્ય (કોઈને બોલતું-ગાતું સાંભળીને તે પ્રમાણે બોલવું, ગાવું), ૫૪. માનસિ કાવ્ય ક્રિયા (મનમાં કાવક્ય કરીને શીઘ્ર કહેવું), ૫૫. ક્રિયા વિકલ્પ (ક્રિયાનો પ્રભાવ બદલવો), ૫૬. છલિતક યોગ (છળ કે ધૂર્તતા કરવી), ૫૭. અભિધાનકોષ (છંદોનું જ્ઞાન), ૫૮. વસ્ત્રોગોપાન (વસ્ત્રોની રક્ષા કરવી), ૫૯. ધૃત વિશેષ (જુગાર રમવો), ૬૦. આકર્ષક ક્રિડા (પાસાં ફેંકવા), ૬૧. બાળક્રિડા કર્મ (બાળકો રમાડવાં), ૬૨. વેજયિકી વિદ્યાસન (જય મેળવવા માટેની તાલીમ, શિકાર, લશ્કરી તાલીમ), ૬૩. વૈનાયકી વિદ્યાસન (વિનય, શિષ્ટાચાર, ઈલ્મ વિ. કરવું), ૬૪. વૈતિલિકી વિદ્યાસન (રાગ, પ્રાદ્ય, નાડી પારખવું, ન્યાય કરવો, છેતરવું અને ચોરી કરવી).

આમ ઉપરોક્ત ૬૪ કલાઓનું વર્ણન શાસ્ત્રોમાં જોવા મળે છે. કલા માનવનિર્મિત છે. છતાં કલામાં ઈશ્વરીય અંશ છૂપાયેલો છે. તેથી જ કલાના નિર્માણમાં કલાકારને અને તેને માણતા શ્રોતામાં એક અનેરો આનંદ છલકાયા કરે છે.

**કલામાં ઈશ્વરીય અંશ છૂપાયેલો છે, તેથી જ કલાના નિર્માણમાં કલાકારને અને તેને માણતા શ્રોતામાં એક અનેરો આનંદ છલકાયા કરે છે.**